# “માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની ચિત્રકળા અભિયોગ્યતાનો અભ્યાસ”

*માર્ગદર્શક*
***ડૉ. ભાવેશ કે.શાહ***
પ્રિન્સિપાલ,
આકાર બી.એડ્.એમ.એડ્.કોલેજ
ઓગણજ, અમદાવાદ-09

**મોનિકા ગુપ્તા**
**પીએચ.ડી. સ્કોલર**
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-09

**1. પ્રસ્તાવના**

વીસમી સદીના ઉત્તરાર્ધમાં વિજ્ઞાનની હરળફાળ અને આર્થિક ઉદારીકરણના કારણે કારકિર્દી અને યાવસાયિક ક્ષેત્રોને પસંદગીનો પ્રશ્નો મુશ્કેલ બન્યો છે, તેમજ વિવિધ નવીન ક્ષેત્રોના ઉદ્દભવને કારણે કારકિર્દી અને વ્યાવસાયિક માર્ગદર્શનનું મહત્ત્વ પણ વધ્યું છે, ત્યારે વિદ્યાર્થીના રસ, રુચિ તથા અભિયોગ્યતા જેવા મનોવૈજ્ઞાનિક પાસાંઓ જાણી પીછાણી તે અંગેના શૈક્ષણિક પ્રયત્નો કરવા આવશ્યક બન્યા છે.

વર્તમાન સમયમાં શિક્ષણ પરિવર્તનનો પરિવ્રાજક છે. શિક્ષણ સમાજના પરિવર્તનની પ્રસ્થાનરેખા છે.એ શિક્ષણ દ્વારા રાષ્ટ્ર ઘડતર થાય છે. જે શાળામાં આવતાં વિદ્યાર્થીના ઘડતર દ્વારા શક્ય બને છે. આ વિદ્યાર્થીઓમાં જુદા જુદા પ્રકારની શક્તિઓ રહેલી હોય છે. આ પ્રકારની વિશિષ્ટ શક્તિઓ તેનામાં બીજરૂપે રહેલી હોય છે. આ સુષુપ્ત શક્તિઓનું અને રુચિઓનું માપન કરવામાં આવે તો વિદ્યાર્થીઓને તે શક્તિઓ અને રુચિ પ્રમાણેનો વ્યવસાયિક અભ્યાસક્રમ પસંદ કરવામાં યોગ્ય દિશાસૂચન આપી શકાય છે.

માધ્યમિક શિક્ષણએ ઉચ્ચ કેળવણીના પાયારૂપ છે. માધ્યમિક શિક્ષણમાં અત્યારે નવા આયામોમાં બદલાવ આવી રહ્યો છે. અભ્યાસક્રમ તથા નવા પુસ્તકો વિદ્યાર્થીના અભ્યાસને વધુને વધુ સમૃદ્ધ બનાવી રહ્યો છે, તેથી આ તબક્કે વિદ્યાર્થીઓની કોઇ વિશિષ્ટ અભિયોગ્યતા જાણવી જરૂરી છે, જેના દ્વારા યોગ્ય તાલીમ કાર્યક્રમ ઘડી શકાય છે. અભ્યાસક્રમ અને વ્યાવસાયિક ક્ષેત્ર પસંદગી અંગેનું માર્ગદર્શન પણ આપી શકાય છે.

આમ, આજના યુગની આધુનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી દરેક જગ્યાએ વિશિષ્ટ અભિયોગ્યતા નું મહત્ત્વ દિન-પ્રતિદિન વધતુ જાય છે, તેના સંદર્ભમાં વર્તમાન પરિસ્થિતિને અનુરુપ માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કળાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી ચિત્રકળાની અભિયોગ્યતા જાણવી ખૂબ જ અગત્યની બની છે. તે હેતુસર માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ચિત્રકળા અભિયોગ્યતા અભ્યાસ કરેલ છે.